વૈવિધ્ય



# Gen Z: એક સિક્કાની બે બાજુ

મિત્રો, થોડા દિવસ પછી એટલે કે ૧૨ ઓગસ્ટે 'ઇન્ટરનેશનલ યુથ ડે' આવે છે. આમ પણ આજકાલ યુવાનો ઘણી ચર્ચામાં છે. આપણે કહીએ છીએ કે આ તો આજના યુવાનો છે, એ લોકો કોઈ વાત સમજે નહિ, યુવાનોમાં સહનશક્તિનો અભાવ છે, બિલકુલ ધીરજ હોતી નથી, મોબાઈલ વગર તો બિલકુલ પણ ચાલે જ નહિ અને વગેરે વગેરે....આ બધી જ વાતો આંશિક રીતે સાચી પણ છે છતાં આજના યુવાનોને આપણે હજી બરાબર સમજી શક્યા નથી એમ લાગે છે. 'જેન ઝી'- Gen Z આ શબ્દ તો આપણે ઘણી વાર સાંભળ્યો છે નહિ? પરંતુ, જેન ઝી એટલે શું અને તે કોના માટે કહેવામાં આવે છે શું તે જાણો છો? ચાલો, તો આ વખતે આપણે 'જેન ઝી' વિષે થોડું જાણીએ.

## 'Gen Z' એટલે શું?

વર્ષ ૧૯૯૭થી વર્ષ ૨૦૧૨ની વચ્ચે જન્મેલાં બાળકો કે જેઓ હાલમાં ૧૪ વર્ષની ઉંમરથી લઈને ૨૯ વર્ષની ઉંમરના યુવાનોમાં આવે છે તેમને 'જેન ઝી' કહેવામાં આવે છે. ભારતની આ પહેલી પેઢી છે જે ડીજીટલ યુગમાં ઊછરી છે. સ્માર્ટ ફોન, હાઈ સ્પીડ ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા તેમના જીવનમાં વણાઈ ગયાં છે. તેમના સમયમાં થયેલી કેટલીક મહત્ત્વની ઘટનાઓએ પણ તેમનું ઘડતર કર્યું છે જેમ કે,

- તેમના સમયમાં મોબાઈલ - ફર્સ્ટ લાઈફસ્ટાઈલનો જન્મ થયો.
- સોશિયલ મીડિયાનો અને ઈન્ફ્લુઅન્સરનો ટ્રેન્ડ આવ્યો.
- કોવિડ ૧૯ની મહામારી આવી કે જેણે શિક્ષણ, કાર્ય અને સામાજિક અભિવ્યક્તિનું સ્વરૂપ બદલ્યું.

આ ઘટનાઓને કારણે જેન ઝી તેની આગલી પેઢી કરતાં અલગ વાતાવરણમાં મોટી થઇ જેના લીધે તેમનાં વાણી, વર્તન અને જીવનશૈલી ઘણી અલગ રીતે વિકસી. જેમ કે, જેન ઝી ટેક્નોલોજીમાં આવતાં પરિવર્તનોને ઝડપથી સ્વીકારી લે છે, તેઓ વર્ચ્યુઅલ રીલેશનશીપ જાળવવામાં કમ્ફર્ટેબલ હોય છે અને તેઓ જીવનનાં દરેક ક્ષેત્રોમાં સરળતાથી અને ઝડપી કાર્ય થાય તેવી અપેક્ષા રાખે છે.

આજે આપણે ભારતના જેન ઝી વિષે થોડી વિગતે માહિતી જોઈશું જેથી તેમની ઈચ્છા અને અપેક્ષા શું છે અને તેઓ અમુક પ્રકારનું વર્તન શા માટે કરે છે તે વિષે આપણને થોડી સમજ પડી શકે. તો જાણીએ જેન ઝીના સ્વભાવગત લક્ષણો વિષે.

## પ્રામાણિકતા અને ઈન્ડીવિડ્યુઆલીટી

તેમને પ્રામાણિકતા અને સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવવું વધારે પસંદ છે. કોઈ પણ બાબતમાં જો કોઈ ખોટો દેખાડો કરતું હોય તો કે મસ્કા મારતું હોય તો તેઓ તરત પકડી પાડે છે. વાસ્તવિક વાર્તાઓ, પડદા પાછળની વાતો અને સિમ્પલ લાગણીઓ તેમને વધુ આકર્ષે છે. તેઓ ટ્રેન્ડ સેટર છે એટલે તેઓ પોતાની અલગ છાપ ઊભી કરવામાં માને છે.

## સક્રિય ફાળો આપનારા

જેન ઝીને ક્લાઈમેટ ચેન્જ, સામાજિક ન્યાય અને સસ્ટેનેબીલીટી જેવા વિષયો પર સક્રિય ભાગ લેવાનું પસંદ છે એટલે ફક્ત વાતો જ નહીં, સક્રિય ભાગ લઈને પરિવર્તન લાવવામાં તેઓ માને છે.

## વિવિધતાઓનો સમાવેશ

જેન ઝી જેન્ડર એક્સપ્રેશનમાં માને છે અને અલગ અલગ સંસ્કૃતિઓનો આદર પણ કરે છે. જૂની રૂઢિગત માન્યતાઓને દૂર કરીને તેઓ દરેક લિંગ અને જાતિની વ્યક્તિઓ સાથે મળીને કાર્ય કરે છે.

## ઝડપી પરિણામની અપેક્ષા

આ જનરેશનમાં ધીરજ ઓછી છે માટે તેઓ કોઈ પણ કાર્ય કરે તો તેમાં તેમને ઝડપી પરિણામ જોઈએ છે. જો નોકરી કરતાં હોય તો તેમાં



**જેન ઝી ઓછી ધીરજવાળી, સ્ક્રીન એડીક્ટેડ છતાં ટેક્નો સેવી, ખુલ્લા વિચારવાળી જનરેશન છે જેમને સાંભળવી, સમજવી અને સ્વીકારવી આપણી જરૂરિયાત પણ છે અને આજના સમયની માંગ પણ છે**

પણ ઝડપથી પ્રમોશન થાય કે સેલરી વધે તેવી અપેક્ષા રાખે છે અને જો કાર્ય પ્રમાણે પગાર વ્યાજબી ન લાગે તો નોકરી છોડતાં પહેલાં ખંચકાતા પણ નથી. આ કારણસર તેઓ એક નોકરી છોડીને બીજી નોકરી પર કૂદકો વારંવાર મારતા રહે છે. તેમને સતત પોઝિટિવ ફીડબેકની જરૂર રહે છે અને કામમાં પારદર્શિતાના આગ્રહી હોય છે.

* પોતાના કામ કરતાં લાઈફને વધારે પ્રાધાન્ય આપવું

આ જનરેશન પોતાને અને પોતાની ફેમિલી લાઈફને પ્રથમ સ્થાને





અને કામને બીજા સ્થાન પર મૂકે છે. આ કારણસર તેની આગલી પેઢીને તેઓ બિનજવાબદાર લાગે છે પરંતુ વાસ્તવમાં તેમ હોતું નથી.

## મોબાઈલ અને ટેક્નોલોજી પર સતત આશ્રિત રહેવું

મોબાઈલ યુગમાં ઉછરેલી આ જનરેશન સ્ક્રીન એડીક્ટેડ હોય છે, તેઓ નાનામાં નાનું કામ કરવા માટે પણ મોબાઈલ કે ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં માને છે. શિક્ષણને લગતું હોય, શોપિંગ હોય કે અન્ય કોઈ પ્રોબ્લેમ હોય તેમને સોલ્વ કરવા માટે મોબાઈલની જરૂર પડે જ છે. જેમ કે, બજેટ બનાવવાનું હોય કે ફૂડ ઓર્ડર કરવાનું હોય કે બિલ પે કરવાનું હોય આ દરેક માટે તેમણે એપ ડાઉનલોડ કરી રાખી હોય

**જુદાં જુદાં વર્ષોમાં જન્મેલાં લોકોની પેઢી અલગ અલગ નામે ઓળખાય છે. આવો જાણીએ...**

| પેઢી | જન્મવર્ષ |
|---|---|
| ધ સાયલન્ટ જનરેશન | 1928 - 1945 |
| બેબી બુમર જનરેશન | 1946 - 1964 |
| જનરેશન X | 1965 - 1980 |
| મિલેનિયલ જનરેશન (Gen Y) | 1981 - 1996 |
| જનરેશન Z (Gen Z) | 1997 - 2012 |
| જનરેશન આલ્ફા | 2013 - 2024 |
| જનરેશન બીટા | 2025 - 2039 |

છે. આ કારણસર તેઓ ટેક્નોસેવી પણ બની જાય છે જે તેમનાં કામ સરળ બનાવે છે.

## ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી પડે છે

મોટા ભાગે શોર્ટ વિડિયો કે રીલ્સ જોતાં હોવાથી લાંબો સમય સુધી ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી પડે છે. તેઓ રીલ્સ, શોર્ટ્સ અને સ્નેકેબલ વિડિયોઝ જોવામાં વધારે રસ ધરાવે છે અને તે તેમને વધારે પ્રભાવિત પણ કરે છે. લાંબા વિડિયોઝ ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલ લાગે છે. જો પાંચ સેકન્ડની અંદર તેમને કોઈ વિડિયો રસપ્રદ ન લાગે તો તરત તેઓ વિડિયો સ્કીપ કરી દે છે.

## સોશિયલ મીડિયા પર તેમની ચોક્કસ પસંદગીઓ

જેન ઝી સોશિયલ મીડિયા પર ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ અને થ્રેડ્ઝ જેવા પ્લેટફોર્મ પસંદ કરે છે અને તેના પર ઘણો સમય પણ પસાર કરતા હોય છે. હાલમાં ચાલતાં ટ્રેન્ડ, માહિતીઓ, ન્યૂઝ અને મનોરંજન માટે તેઓ આ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે જે તેમની આગાઉની પેઢી મોટાભાગે ન્યૂઝ પેપર વાંચીને કે ટીવી જોઇને મેળવતી હતી.

## માનસિક સ્વાસ્થ્ય વિષે જાગૃતિ

આ જનરેશન માનસિક સ્વાસ્થ્ય વિષે ખૂલીને વાત કરે છે જેનો અભાવ તેમની અગાઉની પેઢીમાં હતો. માનસિક સ્વાસ્થ્ય સારું રહે તે માટે તેઓ થેરપી લે છે, સેલ્ફ-કેર એપનો ઉપયોગ કરે છે, સોલો ટ્રીપ કરે છે અથવા કામથી બ્રેક લે છે. આમ, પોતાના માનસિક સ્વાસ્થ્ય વિષે વાત કરવામાં તેઓ નાનમ અનુભવતા નથી. આમ, જેન ઝી ઓછી ધીરજવાળી, સ્ક્રીન એડીક્ટેડ છતાં ટેક્નો સેવી, ખુલ્લા વિચારવાળી, પ્રામાણિક, માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત જનરેશન છે જેમને સાંભળવી, સમજવી અને સ્વીકારવી આપણી જરૂરિયાત પણ છે અને આજના સમયની માંગ પણ છે.